જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૦/૨૦૧૪ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી ૨૫૩૬/૧૪

## ઃ પ્રેસ નોટ ઃ

### “સેકટર.૨ સ્કોર્ડે મણીનગર તથા વટવા પોસ્ટેના ચોરીના ૫ થી વધુ ગુનાનો ભેદ ઉકેલી રુ.૪૭,૧૦૦/- ના મુદ્દામાલ સાથે એકની ધરપકડ કરી.”

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર.૨ અ'વાદ શહેર નાઓ તરફથી સુચના મળેલ કે, શહેરમાં મિલકત સબંધી ગુનાઓ વધવા પામેલ છે જેથી ચોર મુદ્દામાલનુ પગેરુ શોધી કાયદેસર કાર્યવાહી કરવી જે અનુસંધાને સ્કોડના પોસઇ એચ.વી.સીસારા તથા હેકો મનોજકુમાર, હેકો બળવંતભાઇ, હેકો પ્રહલાદસિહ, હેકો સુરેશ શ્રીધરન, હેકો જયેન્દ્રસિહ, હેકો રાજેશકુમાર તથા પોકો પ્રવીણસિંહ એ રીતેના સેકટર.૨ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મણીનગર ચાર રસ્તા ખાતે આવતાં સ્કોડને મળેલ ખાનગી અને આધારભુત બાતમી હકિકત આધારે એક ઇસમ **હર્ષદ ઉર્ફે ગજની ઉર્ફે હસુ સ/ઓ કનુભાઇ ઉર્ફે કાન્તીભાઇ વાઘેલા ઉવ.૧૯ રહે.જવાહર ચોક, સત્યમ કોમ્પલેક્ષના ધાબા ઉપર સીક્યુરીટીની ઓફીસમાં, મણીનગર, અમદાવાદ શહેર** નાને ચોરીના લેપટોપ નંગ.૧, મોબાઇલ ફોન નંગ.૪ તથા કાંડા ઘડીયાળ નંગ.૧ મળી રુ.૪૭,૧૦૦/- ના મુદ્દામાલ સાથે તા.૧૦.૧૦.૨૦૧૪ ના કલાક ૧૭/૦૦ વાગે ધરપકડ કરી મણીનગર પોલીસ સ્ટેશન સોંપલ છે.

પકડાયેલ ઇસમની પુછપરછ આધારે મણીનગર તથા વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ ચોરીઓ બાબતે તપાસ કરી કરાવતાં જાણવા મળેલ છે કે, પકડાયેલ ઇસમ પાસેથી મળી આવેલ મુદ્દામાલ પૈકી એક મોબાઇલ ફોન તથા એક કાંડા ઘડીયાળ મણીનગર ફ.ગુરનં.૯૩/૧૪ ઇપીકો કલમ ૩૮૦ મુજબના ગુનામાં ગયેલ મુદ્દામાલ છે તથા બીજા ત્રણ મોબાઇલ ફોન તથા લેપટોપ વટવા પોલીસ સ્ટેશનના ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનામાં ગયેલ મુદ્દામાલ છે પકડાયેલ ઇસમ પોતે ઉપરોક્ત ગુનાઓ કરી આ મુદ્દામાલ મેળવેલ હોવાની કબુલાત કરે છે તેમજ પકડાયેલ ઇસમે આ સિવાય પણ અન્ય મોબાઇલ ફોનની ચોરી તથા રાત્રીના સમયે અગાસીમાંથી ઘરોમાં પ્રવેશ કરી ચોરીઓ કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

આમ સેકટર.૨ સ્કોર્ડે મણીનગર તથા વટવા પોસ્ટેના ચોરીના ગુનાનો આરોપીની રુ.૪૭,૧૦૦/- ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ૫ થી વધુ ગુનાનો ભેદ ઉકેલી મણીનગર પોલીસ સ્ટેશન સોંપેલ છે.

**“ અમદાવાદ શહેરના સોનીઓ સાથે છેતરપીંડી કરતા ઉતર પ્રદેશના સોની ઠગને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ પોલીસ”**

અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારુ ઉપરી પોલીસ અધિકારીશ્રીઓએ આપેલ સુચના અનુસંધાને પો.સ.ઇ.શ્રી એચ.પી.કરેણ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમાં હતા અને પેટ્રોલીંગ ફરતાં ફરતાં રાજેન્દ્ર પાર્ક ચાર રસ્તા પાસે આવતાં સાથેના હેડ કોન્સ.હર્ષદભાઇ મનોહરભાઇનાઓને મળેલ બાતમી આધારે આરોપી અનિલકુમાર S/o લાલચંન્દ્ર સોની ઉવ.૨૮ રહેવાસીઃ ગામઃ રામપુર કનાવા, તાલુકોઃ મછલીશહેર થાનાઃ મછલી શહેર જીલ્લોઃ જોનપુર (યુપી) હાલ રહેવાસીઃ અમદાવાદ રખડતાનાને સોનીની ચાલી ચાર રસ્તા ખાતેથી આજરોજ ઝડપી લઇ તેઓની ઝડતીમાંથી પીળી ધાતુની બંગડી નંગ-૨, તથા પીળી ધાતુની અલગ અલગ ડીઝાઇનવાળી ચેઇનો નંગ-૫, તથા પીળી ધાતુની અલગ અલગ ડીઝાઇનવાળી બુટ્ટીઓ નંગ-૧૦, તથા હિન્દીમાં લખાણ લખેલ રમેશચંન્દ્ર આભુષણ કેન્દ્રની કોરી સ્લીપો નંગ- ૫૦, તથા પાકેટ સેલ (વજન કાટો)નંગ-૧, તથા અલગ-અલગ જ્વેલર્સની નાણા ધીરધાર ની સ્લીપો નંગ-૦૯, તથા લોખડની ધાતુ બનાવેલ કેરેટ પંચ નંગ-૧ તથા યુનિયન બેંક તથા ICICI બેંક ના ડેબિટ કાર્ડ તથા અનિલકુમાર નુ પાનકાર્ડ તથા અનિલકુમાર સોનીનુ ઓલ ઇન્ડિયા ડ્રાઇવીંગ લાયસનસ તથા રોકડ નાણા રુ.૭,૦૦૦/- મળી આવેલ. જે તમામ મુદ્દામાલ મળી કુલ્લે કિમત રુ.૯૦૫૦/- નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીને અટક કરવામાં આવેલ છે. સદરી આરોપીની વધુ પુછપરછ કરતા આરોપીએ ગોમતીપુર, ઇશનપુર તથા વટાવા વિસ્તારમાં જ્વેલર્સ ની દુકાન ધરાવી દાગીના ઉપર નાણા ધીરનાર સોનીઓને વિશ્ર્વાસ માં લઇ ખોટા તથા ઓછા ટચ વાળા દાગીના ધીરી તેના ઉપર નાણા મેળવી વિશ્ર્વાસઘાત છેતરપીંડી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.